જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૪/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૨/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૫૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૭૮૪/૧૮**

**સેટેલાઇટઃ** સ્વપ્નીલભાઇ અનીલભાઇ પટેલ (રહે,મારૂતી સેલીડ્રોન ફ્લેટ, રીલાઇન્સ મેગા મોલ પાછળ સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.**૨૨/૦૪/૧૮ સાંજના ૫/૩૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ સુંદરવનની ગલીમાં ઇસરોની દીવાલ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી લેડીજ પર્સની ચોરી કરી લઈ ગઈ છે. જે પર્સમાં જરૂરી દસ્તાવેજ, એપલ કંપનીનું આઈપેડ અને રોકડ રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૨૧,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો. નથ્થુભાઇ દેવાયતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.